# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મીનગર, નાના મવા મેઇન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૪
ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૭
e-mail : forum.pgvcl@gebmail.com website : www.pgvcl.com
CIN: U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭(Review)/કવા-૨/૨૦૨૩-૨૪/૬૧-૭ તારીખ : ૦૪-૦૧-૨૦૨૪

રજી. એડી. પત્ર

**Review Order**

પ્રતિ,
વહાબભાઈ આદમભાઈ આમદાણી,
અલંગપોઇન્ટ તુલીપ પાર્ટી પ્લોટ પાસે, ગોંડલ હાઈવે રોડ,
મું. પો.: રાજકોટ, તા.:રાજકોટ, જી.:રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૯૦૩૩૩૩૨૩૨૮

વિષય: CGRF રાજકોટના સંદર્ભિત ચુકાદા સામે રીવ્યુ અરજી અંગે બાબત.
સંદર્ભ: હુકમ નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/કવા-૨/૨૦૨૩-૨૪/૩૫૩૭-૨, તા.૦૩.૧૧.૨૦૨૩

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ રીવ્યુ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે શામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,
(સી. જે. ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી- અર્બન, રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

## (રીવ્યુ ઓર્ડર)

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૭(R)/ક્વા-૨/૨૩-૨૪/ 61-7 તા. ૦૫-૦૧-૨૦૨૪

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૭(R)/ક્વા-૨/૨૩-૨૪ તા.૨૪-૧૧-૨૦૨૩

અરજદાર : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૩, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી શહેર-૩ રાજકોટ

:: વિરુધ્ધ ::

સામાવાળા : શ્રી વહાબભાઈ આદમભાઈ આમદણી

રજૂઆત કરનાર : તેમના પ્રતિનિધિ તરીકે હાજીભાઇ સલીમભાઈ મુસાણી અને કમરરઝા કાદરભાઈ આરબાણી

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૨.૧૨.૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી પ્રથમ સુનાવણી તા.૧૭-૧૦-૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ હતી, જે અનુસંધાને ફોરમ દ્વારા બન્ને પક્ષકારોની રજૂઆત અન્વયે તા.૦૩-૧૧-૨૦૨૩ થી ફરિયાદી અરજદારની તરફેણમાં હુકમ કરવામાં આવેલ જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર હુકમ અન્વયે રીવ્યુ અરજી તા.૨૩-૧૧-૨૦૨૩ ના રોજ અત્રેના ફોરમમાં રજૂઆત મળેલ, જેથી નામદાર જીઈઆરસીના નોટીફીકેશન નં. ૦૨ / ૨૦૧૯ ના ક્લોઝ નં -૨.૬૪ મુજબ રીવ્યુ અરજી ગ્રાહ્ય રાખીને તા.૨૪-૧૧-૨૦૨૩ થી કરેલ, જેની જાણકારી બન્ને પક્ષકારોને કરવામાં આવેલ. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા.૦૮.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જે અનિવાર્ય કારણોસર રદ કરેલ. ત્યારબાદ તા.૨૨.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ સુનાવણી કરવામાં આવેલ. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: પીજીવીસીએલની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ શહેર વિભાગીય-૦૩ રાજકોટની રજૂઆત મુજબ શ્રી વહાબભાઈ આદમભાઈ આમદાણી વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નંબર- ૩૪૫૧૩/૩૧૯૫૭/૭ થી ૧.૦ કી.વો.નું **NRGP** વીજજોડાણ ધરાવે છે. જેમાં ગેરકાયદેસર રીતે વીજજોડાણ કાપેલ તે જોડી આપવા

અંગે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ રાજકોટ સમક્ષ તા.૨૦.૦૯.૨૩ના રોજ લેખિતમા રજૂઆત કરેલ જેના અનુસંધાને તા.૧૭.૧૦.૨૦૨૩ ના રોજ ફોરમ દ્વારા સદર કેસની સુનાવણી રાખવામાં આવેલ હતી. ત્યારબાદ ફોરમ દ્વારા તા.૦૩.૧૧.૨૦૨૩ થી હુકમ કરેલ.

સદર હુકમ મુજબ સામેવાળાના ગ્રાહક નંબર- ૩૪૫૧૩/૩૧૯૫૭/૭ થી ડેલા અરૂનભાઈ આમદભાઈ નાં નામે **NRGP** ટેરીફનું કનેક્શન વર્ષ-૨૦૧૪ માં સૂચિત જગ્યામાં આપવામાં આવેલ અને સદર વિવાદિત જગ્યા પર ગ્રાહક નં-૩૪૫૧૩/૧૦૬૦૩/૪, નામ-રાજુભાઈ મંછાભાઈ ભરવાડના વીજકનેક્શનના બાકી લેણા રૂ.૧૩૧૬૭૨૨=૨૧ હોવાથી તેમનું વીજજોડાણ કાપી નાખવામાં આવેલ હતું જે અનુસંધાને ગ્રાહક સી.જી.આર.એફ.માં તેમનું વીજજોડાણ ગેરકાયદેસર રીતે કાપી નાખવામાં આવેલ છે અને તે જોડી આપવાની રજૂઆત અન્વયેના હુકમ નં ૩૫૨૭-૨ તા.૦૩-૧૧-૨૦૨૩ પીજીવીસીએલ વિરુદ્ધમાં આવેલ અને તેમનું વીજજોડાણ તાત્કાલિક ચાલુ કરી આપવા જણાવેલ આથી નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઇ સી.જી.આર.એફ.માં રીવ્યુ કરવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજી કરવામાં આવેલ છે.

(૧) ગ્રાહક દ્વારા સદર વીજજોડાણ સૂચિત જગ્યામાં માંગણી કરવામાં આવેલ છે અને નોટરાઈઝ સ્ટેમ્પ પેપર પર ગ્રાહક દ્વારા "સૂચિત જગ્યામાં વીજજોડાણ અંગેનો બાંહેધરી ખત' નો કરાર કરી આપવામાં આવેલ છે જેમાં મુદ્દા નં.૧ માં સ્પષ્ટ દર્શાવેલ છે કે, શ્રી ડેલા હારુન આમદ એ હેતુ વિષયક વિજજોડાણ માટેની પીજીવીસીએલ પાસે માંગણી કરેલ છે અને તે કનેક્શન ફક્ત વપરાશના હેતુથી “મારા અંગત ઉપયોગ માટે લેવાનું છે અને તેનો ઉપયોગ મારા સિવાય બીજા કોઈ વ્યક્તિને કરવા દઈશું નહિ તેની ખાતરી આપું છું” તે અંગેની બાંહેધરી આપવામાં આવેલ છે, તેમછતાં અન્યને વેચાણ કરવામાં આવેલ છે અને પીજીવીસીએલને કોઈજ જાણ કર્યા વગર અન્ય વ્યક્તિને વીજકનેક્શનની જગ્યાનુ વેચાણ કરી કરારનો ભંગ કરેલ છે. જે ગ્રાહકની અરજી તથા નોટરાઈઝ બાંહેધરી ખતની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(૨) ડેલા હારૂનભાઈ આમદભાઈ દ્વારા નવા વીજકનેક્શન સમયે અન્ય બાંહેધરી ખત પણ આપવામાં આવેલ છે અને લેખિતમાં ખાત્રીપૂર્વક જણાવે છે કે સદર જગ્યા પર ભવિષ્યમા કોઈપણ રકમ બાકી નીકળશે તો તાત્કાલિક ભરપાઈ કરી આપવાની લેખિત બાંહેધરી આપેલ છે પીજીવીસીએલની લેણી રકમ સામે પીજીવીસીએલ વીજજોડાણ કાપી નાખવાનો અબાધિત હક ધરાવે છે, જેની સામે કોઈપણ વાંધો ઉઠાવશે નહિ તેની લેખિત બાંહેધરી આપે છે અને તે બાંહેધરી કાયમ માટે બંધનકર્તા રહેશે તેવી લેખિતમા સહી કરી જણાવે છે, જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

(3) સદર સીજીઆરએફના હુકમ ૪.૫ માં જણાવ્યા મુજબ સદર અરજદારને કોઈપણ નોટીસ આપ્યા વગર કે નાણાની ભરપાઈ કરવાની તક આપ્યા વગર વીજજોડાણ કટ કરેલ છે જે અયોગ્ય છે એવું દર્શાવેલ છે જેને અનુસંધાને જણાવવાનું કે ગ્રાહક દ્વારા કરવામાં આવેલ અરજી પત્ર તા.૨૩.૦૮.૨૦૨૨ ના રોજ જનરલ મેનેજર શ્રી, પીજીવીસીએલ નાનામવા મેઈન રોડ લક્ષ્મીનગર, રાજકોટને “અમે લીધેલ સુચીતની જગ્યા ઉપર, જગ્યાના અગાઉના માલિક ઉપર ફટકારવામાં આવેલ દંડ અનુસંધાને યોગ્ય કરવા સબબ” નો પત્ર લખવામાં આવેલ તેમાં ફરિયાદી દ્વારા સ્પષ્ટ દર્શાવવામાં આવેલ છે કે ગ્રાહકને બાકી લેણું ભરવા અંગેની નોટીસ કંપની દ્વારા તા.૦૮.૦૨.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. જે બાકી લેણાની ભરપાઈ કરવા અંગેની ગ્રાહકને નોટીસ પણ આપવામાં આવેલ છે તથા નાણાની ભરપાઈ કરવા અંગેની પુરતી તક પણ આપવામાં આવેલ છે, જે નોટીસની નકલ તથા ઉપરોક્ત પત્ર ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

(૪) સદર સીજીઆરએફના હુકમ મુદ્દા નં.૪.૩ માં જણાવેલ ક્લોઝ નં.૪.૭ અનુસંધાને જણાવવાનું કે સદર ક્લોઝ નં.૪.૭ ક્લોઝ નં ૪.૬ 'સાથે સંલગ્ન હોય. ક્લોઝ નં.૪.૬ માં જણાવ્યા મુજબ-* અરજદાર એવી હયાત મિલકતની ખરીદી કરે કે ખરીદવાનો ઈરાદો રાખે કે જેનું વીજજોડાણ કપાઈ ગયું હોય તો તેની, આગલા

માલિક પરવાનેદારની તમામ બાકી રકમ ચૂકવી છે તેની ખરાઈ કરવાની અને તેની પાસેથી કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવવું એ અરજદારની ફરજ છે. મિલકતની માલિકીની ફેરબદલી પહેલા આગલા માલિકે 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો. પરવાનેદારે આવી વિનંતીની પહોંચ આપવાની રહેશે અને જગ્યા પર કોઈ રકમ બાકી નીકળતી હોય તો લખાણમાં જાણ અથવા 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' આવી અરજી મળ્યાની તારીખથી ૦૧ મહિનામાં આપવાનું રહેશે. જેથી જણાવવાનું કે અરજદાર દ્વારા કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' પીજીવીસીએલમાંથી મેળવેલ નથી અને અરજદારે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે અત્રેની કચેરીનો સંપર્ક પણ કરેલ નથી. તેમજ મુદા નં ૪.૫ માં જણાવ્યા મુજબ સદર વિવાદિત જગ્યામાં સમય મર્યાદામાં નિયામાધીન રીતે કાર્યવાહી થયેલ નથી તેમજ તા.૩૦.૧૧.૨૦૧૨ ના રોજ નામદાર કોર્ટની લેણી રકમની વસુલાત માટેનો ચુકાદો પીજીવીસીએલ તરફેણમાં આવેલ હોવા છતાં પીજીવીસીએલ દ્વારા તા.૧૧.૧૧.૨૦૧૪ થી નવું વીજજોડાણ સદર વિવાદિત જગ્યામાં અપાયેલ છે, જે ખુબ જ ગંભીર બાબત છે. સદર બાબતે જવાબદાર કર્મચારી અધિકારી સામે કંપનીના નિયમ મુજબની કાર્યવાહી કરવા પાજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબતે ગ્રાહકને પત્ર નં.વાવડી/રેવ/૯૪, તા.૦૫.૦૧.૨૦૨૨ તથા વાવડી ઈસ્ત/રેવાટેક/૧૪૭૧૩, તા.૧૮.૧૦.૨૦૨૨ ના રોજ પત્ર દ્વારા સદર જગ્યાના માલિકી અંગેના આધાર-પુરાવા તથા ઉપરોક્ત દસ્તાવેજી પુરાવા રજુ કરવા તેમજ સદર જગ્યાના બાકી લેણા બાબત અંગેનો પત્ર પાઠવેલ પરંતુ તે અંગે અરજદાર દ્વારા કોઈ જ પુરાવા રજુ કરવામાં આવેલ નથી. સદર અરજદારની વિવાદિત જગ્યામાં વર્ષ-૨૦૧૪ માં માંગવામાં આવેલ વીજકનેક્શન જે સૂચિત જગ્યાથી માંગવામાં આવેલ છે. જેમાં વિવાદિત જગ્યાના માલિક રાજુભાઈ મંછાભાઈનો કોઈ જ વેચાણ કરાર દર્શાવવામાં આવેલ નથી જેથી પીજીવીસીએલના કોઈ જ કર્મચારી અધિકારીને બાકી લેણા અંગે ઉપરોક્ત માલિકના બાકી લેણા તેમજ ગ્રાહકની જગ્યા અંગે રોજકામ કર્યા વગર બાકી લેણાની વસુલાત અંગે જાણ થઇ શકે નહિ જેથી પીજીવીસીએલના કોઈ જ કર્મચારી અધિકારીની ભૂલ હોઈ તેમ જણાતું નથી તથા ગ્રાહક દ્વારા વિવાદિત જગ્યા અંગે અને માલિકી અંગે પીજીવીસીએલને ગેરમાર્ગે દોરી ખોટી રીતે વીજજોડાણ મેળવેલ હોઈ તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે, જે તા.૧૮.૧૦.૨૦૨૨ નો પત્ર રજુ કરેલ છે, તેમજ પીજીવીસીએલ કર્મચારી/અધિકારી દ્વારા કરવામાં આવેલ તા.૨૪.૦૨.૨૦૨૧ તથા તા.૨૮.૦૧.૨૦૨૨ નું સ્થળ રોજકામ કરવામાં આવેલ જેથી સ્થળ પર ગ્રાહક નં-૩૪૫૧૩/૩૧૯૫૭/૭, નામ-ડેલા હારૂનભાઈ આમદભાઈ, ટેરીફ-NRGP નું વીજજોડાણ હૈયાત માલુમ પડેલ તેવું જણાયેલ જેથી સદર જગ્યાનું ગ્રાહક નં.૩૪૫૧૩/૧૦૬૦/૩૪, નામ-રાજુભાઈ મંછાભાઈ ભરવાડનું વીજ કનેક્શનમાં બાકી લેણા રૂ.૧૩૧૬૭૨૨=૨૧ અંગે વસુલાતની કાર્યવાહી કરવામાં આવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૨.૧ ઉપરોક્ત મુદ્દાઓ ધ્યાનમાં લઇ ફોરમ દ્વારા અપાયેલ ઓર્ડર રદ કરીને, પીજીવીસીએલની તરફેણમાં ઓર્ડર આપવા રજૂઆત કરેલ છે.

## :: સામેવાળાની રજૂઆત ::

૩.૦ ફોરમ દ્વારા અપાયેલ ઓર્ડર તા.૦૩.૧૧.૨૦૨૩ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ રીવ્યુ અરજીની નકલ ફોરમ દ્વારા સામેવાળા શ્રી વહાબભાઈ આદમભાઈ આમદણીને લેખિત પત્ર તા.૨૪.૧૧.૨૦૨૩ થી મોકલવામાં આવેલ છે, જે અનુસંધાને લેખિત રજૂઆત ફોરમ સમક્ષ રજુ કરેલ નથી.

## :: રીવ્યુ હુકમ::

૪.૦ સદર કેસમાં ફોરમ દ્વારા અપાયેલ ઓર્ડર નં પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/કવા-૦૨/૨૩- ૨૪/૩૫૩૭-૨

તા.૦૩-૧૧-૨૦૨૩ મુજબ અરજદાર વહાબભાઈ આદમભાઈ આમદાણીની સદર વીજજોડાણની જગ્યા પર અગાઉ ગ્રાહક નં. ૩૪૫૧૩/૧૦૬૦૩/૪(૭૨૧૯૨), નામ:-રાજુભાઈ મંછાભાઈ ભરવાડના નામના વીજજોડાણના બાકી લેણા રૂ.૧૩૧૬૭૨૨.૨૧/- નું જજમેન્ટ સ્પે.દિ.કે.નં.-૯૨/૨૦૦૪ થી પીજીવીસીએલની તરફેણમાં તા.૩૦.૧૧.૨૦૧૨ થી આવેલ હતું. તેમજ પીજીવીસીએલ દ્વારા સ્થળ રોજકામ તા.૨૪.૨.૨૦૨૧ તથા તા.૨૮.૧.૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ તે મુજબ હાલમાં સદર વિવાદિત જગ્યામાં ડેલા હારુનભાઈ આમદભાઈના નામે વીજજોડાણ ચાલુ છે. આમ, સદર વિવાદિત સ્થળમાં વીજજોડાણની બાકી લેણી રકમ અન્વયે નામદાર કોર્ટ દ્વારા તા.૩૦.૧૧.૨૦૧૨ ના રોજ હુકમ કરવામાં આવેલ હોવા છતાં પીજીવીસીએલ દ્વારા સદર રકમ વસુલાત માટે કોઈ કાર્યવાહી કરાયેલ હોય તેના આધાર-પુરાવા રજુ કરવામાં આવેલ નથી, તેમજ હાલનું વીજજોડાણ અરજદારને/વીજજોડાણધારને કોઇપણ નોટીસ આપ્યા વગર કે સદર નાણા ભરપાઈ કરવાની તક આપ્યા વગર વીજજોડાણ કપાત કરેલ છે, જે અયોગ્ય છે. જેથી સદર વીજજોડાણ તાત્કાલિક ચાલુ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવેલ હતી.

Consumer Grievance Redressal P.G.V.C.L. Rajkot

સદર ઓર્ડર સામે પીજીવીસીએલ દ્વારા કરેલ લેખિત રીવ્યુ અરજી તથા સામાવાળા (અરજદાર) દ્વારા સદર રીવ્યુ અન્વયે કોઈ લેખિત રજૂઆત કરવામાં આવેલ નથી. સદર કેસની સુનાવણી તા.૨૨.૧૨.૨૦૨૩ અન્વયે કરાયેલ મૌખિક રજૂઆત આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ નામદાર જીઈઆરસીના નોટીફીકેશન નં. ૦૨ / ૨૦૧૯ ના મુદ્દા નં ૨.૬૪ નીચે મુજબ નોંધાયેલ છે.
"૨.૬૪ કોઇપણ વ્યક્તિ, ફોરમ સમક્ષના હુકમની સમીક્ષા માટેની અરજી જે તેને જાણમાં નહોતી અથવા હુકમ પસાર કરાય તે સમયે તે રજૂ કરી શકાઇ નહોતી અથવા રેકર્ડની પર કોઇ ભૂલ કે દેખાતી ભૂલને કારણે, યોગ્ય મહેનત કર્યા પછી તેવી નવી અને અગત્યની બાબત કે પુરાવો શોધી કાઢવાથી યથાપ્રસંગ, હુકમ કર્યાની તારીખથી ત્રીસ(૩૦) દિવસની અંદર દાખલ કરી શકશે."

૪.૨ સદર કેસ અન્વયે ફોરમ દ્વારા અપાયેલ ઓર્ડર તા.૦૩.૧૧.૨૦૨૩ અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અગાઉ નીચે મુજબના દસ્તાવેજીક પેપર્સ રજુ કરેલ ન હોવાથી ફોરમ દ્વારા પીજીવીસીએલ પક્ષકારની રીવ્યુ અરજી તા.૨૩.૧૧.૨૦૨૩ માન્ય રાખીને સદર કેસની નોંધણી તા.૨૪.૧૧.૨૦૨૩ થી કરવામાં આવેલ જેની જાણ બન્ને પક્ષકારોને ફોરમ દ્વારા લેખિત પત્ર થી કરવામાં આવેલ છે.

(૧) વીજજોડાણ મેળવવા માટેનું એ-૧ ફોર્મ, તા.૩૦.૧૦.૨૦૧૪
(૨) સૂચિત જગ્યામાં વીજજોડાણ અંગેનો બાંહેધરી ખત
(૩) વહાબભાઈ આદમભાઈ આમદાણી દ્વારા ખરીદેલ સૂચિત જગ્યા ઉપર દંડની રકમ અન્વયે યોગ્ય કરવા બાબતે જનરલ મેનેજર પીજીવીસીએલ રાજકોટને કરેલ લેખિત રજૂઆત પત્ર તા.૨૩.૦૮.૨૦૨૨ ની નકલ
(૪) વાવડી-અર્બન પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં - વાવડી/રેવ/૯૪ તા.૦૫.૦૧.૨૦૨૨ નો શ્રી વહાબભાઈ આદમભાઈ આમદાણીને સૂચિત જગ્યાના કાયદા અનુસાર આધાર-પુરાવા રજુ કરવા જણાવેલ, અન્યથા તેઓને વીજજોડાણની જરૂરીયાત નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.
(૫) દાવા નં-૭૨/૨૦૦૪ ની બાકી રકમ ભરપાઈ કરવા લેખિત પત્ર નં-વાવડી/એસ્ટા/રેવ/ટેક/૯૮૯ તા.૦૮.૦૨.૨૦૨૨
(૬) ઉપરોક્ત બાકી લેણી રકમ અન્વયે કોઈ કાર્યવાહી ન થતા ગ્રાહક નં ૩૪૫૧૩/૧૦૬૦૩/૪ જેમાં હાલ હારૂનભાઇ અહમદભાઈ ડેલા ૩૪૫૧૩/૩૧૯૫૭/૭ હરસિદ્ધિ ટ્રેકટરની બાજુમાં બીલની બાકી રકમ

રૂ.૧૩૧૬૭૨૩/- હોવાથી ગેટપાસ નં – ૧૫૩૭૬ તા.૨૯.૦૭.૨૦૨૨ થી ૦૫ મીટર સર્વિસ વાયર ઉતારેલ છે.

૪.૩ સદર કેસમાં ફોરમ દ્વારા અગાઉ અપાયેલ હુકમ મુજબ આધાર-પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલ ન હોવાથી સદર રીવ્યુ અરજી ફોરમ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે. સદર રીવ્યુ અરજીની સુનાવણી તા.૨૨.૧૨.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ જેમાં ઉપર મુજબ બન્ને પક્ષકારો હાજર રહેલ છે.

૪.૪ ઉપરોક્ત રીવ્યુ અરજી સાથે જોડેલ નવા વાણીજ્ય હેતુ માટેનું અરજીપત્રક તા.૩૦.૧૦.૨૦૧૪ સાથે જોડેલ સૂચિત જગ્યામાં વીજજોડાણ અંગેના બાંહેધરી ખત શ્રી ડેલા હારુનભાઈ આમદભાઈ રસુલપરા ખાતે સૂચિત જગ્યામાં વીજજોડાણ માંગણી કરેલ છે, તે મુજબ નીચે મુજબની શરતો માન્ય રાખેલ છે.

"શરત નં- ૫ : મને આપવામાં આવેલ સદર વિદ્યુતજોડાણનો ઉપયોગ મારા અંગત તેમજ માંગેલ હેતુ માટે જ કરીશ. તે સિવાય બીજી કોઈપણ રીતે તેનો ઉપયોગ કરવામાં આવે તો PGVCL સદર વિદ્યુતજોડાણ પૂર્વ સુચના આપ્યા સિવાય બંધ કરવા કાપી નાખવા હકકદાર રહેશે અને તે અંગે હું કોઇ કાયદેસર હકક કે વળતર નુકશાની માંગવા હકકદાર થઈશ નહિં તે કબુલ કરું છું,

શરત નં -૭:"મેં વિદ્યુતજોડાણની માંગણી ..... હેતુ માટે કરેલ છે. તે બાંધકામની જગ્યા કોર્પોરેશન/ સરકારી/ખાનગી/બીજી વ્યકિત/ઇસમ કે સંસ્થાની માલીકીની અને મને વિદ્યુત જોડાણ આપવામાં આવે તેવા સંજોગોના કારણે જમીન/મકાન/ ઝુપડાની માલીકી અંગે મને કોઇ કાયદેસર હકક કે અધિકાર પ્રાપ્ત થતો નથી, તે હું જાણું છું, અને તે મને કબુલ છે. તેમજ તે અંગે હું કોઇપણ પ્રકારનો દાવો કે ફરીયાદ નહિ તેની બાંહેધરી આપું છું અને વિદ્યુત જોડાણ આપવાના કારણે જે કાંઇ દંડ અથવા લગત ભરવાની થશે તે મારે ભરવાની છે."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બાંહેધરી ખત : આથી હું/અમો નીચે સહી કરનાર ડેલા હારુનભાઈ આમદભાઈ (પૂરું નામ અટક સાથે) ઉમર વર્ષ... રહે. રાજકોટ જણાવે છે કે .... વિજ જોડાણ માટેની અરજી પીજીવીસીએલમા કરેલ છે. ઉપરોક્ત દર્શાવેલ જગ્યા ઉપર અથવા / અને મારા / અમારા વારસદારના નામે અન્ય વિજજોડાણ પેટે પીજીવીસીએલમાં કોઈપણ લેણી રકમ બાકી નીકળતી નથી. જે હું/અમો ખાત્રીપૂર્વક લેખીતમાં જણાવીએ છીએ.

તેમછતા ઉપરોકત દર્શાવ્યા મુજબની કોઈપણ લેણી રકમ હાલમાં / ભવિષ્યમાં નીકળશેતો તે હું / અમો તાત્કાલીક ભરપાઈ કરી આપવાની લેખીત બાંહેધરી આથી આપુ છું/ આપીએ છીએ. સદર પીજીવીસીએલની લેણી રકમ સામે પીજીવીસીએલ મારૂ/અમારૂ સદર વિજજોડાણ કાપી નાખવાને અબાધીત હકક ધરાવે છે. જે મને/અમોને શિરોમાન્ય છે. જે સામે હું / અમો કોઈપણ પ્રકારનો વાંધો ઉઠાવીશું નહીં તેમજ કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહી કરશું નહીં તેની આથી નીચે સહી કરી આપી લેખીત બાહેધરી આપું છું / આપીએ છીએ.

ઉપરોકત લેખીત બાહેધરી મને/ અમોને કાયમ માટે બંધનકર્તા રહેશે. જે બદલ નીચે સહી કરી આપુ છુ. /આપીએ છીએ....."

૪.૫ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના હુકમ ૪.૫ મુજબ અરજદારને કોઇપણ નોટીસ આપ્યા વગર થાંભલેથી વીજજોડાણ ડીસ ક્નેકટ કરેલ છે, તેના આધાર-પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ નથી, જે નિયમાધીન યોગ્ય નથી, જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નીચે મુજબની રજૂઆત કરેલ છે.

પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં વાવડી/રેવ/૯૪ તા.૦૫.૦૧.૨૦૨૨ ના લેખિત પત્ર દ્વારા ડેલા હારુનભાઈ આમદભાઈ, રસુલપરા રિદ્ધિ સિદ્ધિની બાજુમાં કોઠારિયા રાજકોટના સરનામે મોકલાવેલ છે, તે મુજબ

"અરજદારની સદર જગ્યામાં ગ્રાહક નં-૩૪૫૧૩/૩૧૯૫૭/૭ થી ડેલા હારુનભાઈ આમદભાઈના નામે તા.૧૧.૧૧.૨૦૧૪ થી આપવામાં આવેલ પરંતુ સદર વીજજોડાણના ડોક્યુમેન્ટ ચકાસતા સદર જગ્યાની માલિકી હક્ક બાબતે સૂચિતનો કરાર રજુ કરેલ છે, જો એ સૂચિત જગ્યાના કાયદા અનુસાર કોઈ ડોક્યુમેન્ટસ બાબતે કોઈ નિકાલ થયેલ હોય તો, સત્વરે સૂચિત જગ્યા બાબતના આધાર-પુરાવા પત્ર મળ્યે દિવસ-03 માં રજુ કરવા અન્યથા પીજીવીસીએલ કંપનીના નિયમ અનુસાર વીજજોડાણની જરૂર નથી એમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે....."

ત્યારબાદ પીજીવીસીએલ વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં : વાવડી/એસ્ટા/રેવ/ટેક/૯૮૯ તા.૦૮.૦૨.૨૦૨૨ થી રાજુભાઈ મંછાભાઈને દાવા નં – ૭૨/૨૦૦૪ મુજબ ગ્રાહક નં – ૩૪૫૧૩/૧૦૬૦૩/૪ અન્વયે કોર્ટમાંથી બાકી લેણી રકમ બાબત આવેલ જજમેન્ટ મુજબ રૂ.૧૩૧૬૭૨૨=૨૧ તેર લાખ સોળ હજાર સાતસો બાવીસને એકવીસ પૈસા પી.જી.વી.સી.એલ.માં તાત્કાલિક ભરપાઈ કરી આપવા અન્યથા તેજ સ્થળ પર ચાલતું ગ્રાહક નંબર ૩૪૫૧૩-૩૧૯૫૭-૭ થી ડેલા હારૂનભાઈ આમદભાઈ નામનું વીજજોડાણમાં કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ઉપરોક્ત બાકી લેણી રકમ અન્વયે કોઈ કાર્યવાહી ન થતા ગ્રાહક નં ૩૪૫૧૩/૧૦૬૦૩/૪ જેમાં હાલ હારૂનભાઇ અહમદભાઈ ડેલા ૩૪૫૧૩/૩૧૯૫૭/૭ હરસિદ્ધિ ટ્રેકટરની બાજુમાં વીજજોડાણ ધરાવે છે. તેઓના બીલની બાકી રકમ રૂ.૧૩૧૬૭૨૩/- હોવાથી ગેટપાસ નં – ૧૫૩૭૬ તા.૨૯.૦૭.૨૦૨૨ થી ૦૫ મીટર સર્વિસ વાયર ઉતારેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં સદર ફરિયાદી અરજદાર વહાબભાઈ આદમભાઈ આમદાણી દ્વારા તા.૨૩.૦૮.૨૦૨૨ ના રોજ જનરલ મેનેજર શ્રી, પીજીવીસીએલ નાનામવા મેઈન રોડ લક્ષ્મીનગર, રાજકોટને લેખિત રજૂઆત કરેલ છે તે મુજબ તેઓ દ્વારા લીધેલ સુચીતની જગ્યા ઉપર, જગ્યાના અગાઉના માલિક ઉપર ફટકારવામાં આવેલ દંડ અનુસંધાને યોગ્ય કરવા સબબનો પત્ર લખવામાં આવેલ તેના પેઈજ નં-૨ ના છેલ્લા પેરાગ્રાફમાં સ્પષ્ટ દર્શાવવામાં આવેલ છે કે "..... ભૂતકાળમાં સદર જગ્યાના માલિક કોઈ રાજુભાઈ મંછાભાઈ હોવાનું અમારી જાણમાં આવેલ છે, અને તેઓ વિરુદ્ધ નાયબ ઈજનેર વાવડી પેટાવિભાગીય કચેરી પીજીવીસીએલ દ્વારા દાવા નં ૭૨/૨૦૦૪ અને જે સમયે અમારી જગ્યાના ગ્રાહક નં – ૩૪૫૧૩/૧૦૬૦૩/૪ ને કોર્ટના હુકમ મુજબ રૂ.૧૩,૧૬,૭૨૨/૨૧ નું બાકી લેણું ભરવા અંગેનો નોટીસ આપની કંપની દ્વારા તા.૦૮.૦૨.૨૦૨૨ ના રોજ પાઠવવામાં આવેલ છે...."

૪.૬ સીજીઆરએફના હુકમના મુદ્દા નં.૪.૩ માં નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં.૪.૭ અનુસંધાને જણાવેલ છે કે સદર ક્લોઝ નં.૪.૭ એ સપ્લાયકોડના ક્લોઝ નં ૪.૬ 'સાથે સંલગ્ન છે. જે નીચે મુજબ નોંધાયેલ છે.

સપ્લાયકોડ ક્લોઝ નં.૪.૬ "અરજદાર એવી હયાત મિલકતની ખરીદી કરે કે ખરીદવાનો ઈરાદો રાખે કે જેનું વીજજોડાણ કપાઈ ગયું હોય તો તેની, આગલા માલિક પરવાનેદારની તમામ બાકી રકમ ચૂકવી છે તેની ખરાઈ કરવાની અને તેની પાસેથી કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવવું એ અરજદારની ફરજ છે. મિલકતની માલિકીની ફેરબદલી પહેલા આગલા માલિકે 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો. પરવાનેદારે આવી વિનંતીની પહોંચ આપવાની રહેશે અને જગ્યા પર કોઈ રકમ બાકી નીકળતી હોય તો લખાણમાં જાણ અથવા 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' આવી અરજી મળ્યાની તારીખથી ૦૧ મહિનામાં આપવાનું રહેશે."

સદર બાબતે ફરિયાદી અરજદાર દ્વારા કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' અત્રેથી મેળવેલ નથી અને અરજદારે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે સબંધક અત્રેની કચેરીનો સંપર્ક પણ કરેલ નથી.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ થી ૪.૬ મુજબની વિગતોનો અભ્યાસ કરતા, સ્પષ્ટ થાય છે કે ફોરમ દ્વારા અગાઉ અપાયેલ ઓર્ડર પીજીવીસીએલ પક્ષકારની રીવ્યુ અરજીમાં ઉપરોક્ત આધાર-પુરાવા રજુ કરેલ છે, જેથી ફોરમ દ્વારા અપાયેલ ઓર્ડર નં: પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/કવા-૦૨/૨૩-૨૪/૩૫૩૭-૨ તા.૦૩-૧૧-૨૦૨૩ ને રદ કરવામાં આવે છે, અને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરિયાદી અરજદારશ્રી વહાબભાઈ આદમભાઈ આમદાણીની રજૂઆત મુજબ તેઓની સૂચિત જગ્યામાં ડેલા હારુનભાઈ આમદભાઈનું વીજજોડાણ ગ્રાહક નં-૩૪૫૧૩/૩૧૯૫૭/૭ ધરાવે છે. જેનું ડીસ કનેક્શન પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન નોટીસ આપીને કાપેલ છે, જે યોગ્ય જણાય છે. તેમજ સદર જગ્યામાં અગાઉ ગ્રાહક નં – ૩૪૫૧૩/૧૦૩૦૬/૪ થી રાજુભાઈ મંછાભાઈના નામે વીજજોડાણ આવેલ હતું, જેની બાકી રકમ રૂ.૧૩૧૬૭૨૨=૨૧ વસુલાત કરવા માટે નામદાર કોર્ટમાં દાવા નં-૭૨/૨૦૦૪ નું જજમેન્ટ તા.૩૦.૧૧.૨૦૧૨ ના રોજ પીજીવીસીએલની તરફેણમાં આવેલ છે, જેની વસુલાત માટે સ્થળ રોજકામ તા.૨૪.૦૨.૨૦૨૧ અને તા.૨૮.૦૨.૨૦૨૨ મુજબ સદર જગ્યામાં ડેલા હારુનભાઈ આમદભાઈનું વીજજોડાણ ૩૪૫૧૩/૩૧૯૫૭/૭ હયાત માલુમ પડતા પીજીવીસીએલની સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૦૫.૦૧.૨૦૨૨ અને તા.૦૮.૦૨.૨૦૨૨ થી જરૂરી નોટીસો પાઠવવામાં આવેલ છે, જે અન્વયે ફરિયાદી અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ નથી. જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૯.૦૮.૨૦૨૨ ના રોજ ગેટપાસ નં ૧૫૩૭૬ થી બીલની રકમ બાકી હોવાથી ૦૫ - મીટર સર્વિસ વાયર ઉતારીને વીજજોડાણ પોલથી ડીસકનેક્ટ કરેલ છે, જે યોગ્ય છે.

૪.૮ આમ, ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબ પીજીવીસીએલ પક્ષકારની રીવ્યુ અરજી માન્ય રાખવામાં આવે છે, તેમજ ફરિયાદી અરજદાર વહાબભાઈ આદમભાઈ આમદાણીની વીજજોડાણમાં વીજપુરવઠો પુનઃચાલુ કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫